લેક્ચર | IIT ગાંધીનગર ખાતે રોના ભૂતપૂર્વ ઓફિસર વપ્પલા બાલચંદ્રને કહ્યું

# દાઉદને આપણે લઈ આવીશું તો પણ ગુનેગાર સાબિત કરી શકીશું ખરાં

**આ**ઈઆઈટી-ગાંધીનગરમાં ખાતે ભૂતપૂર્વ રો(RAW)ઓફિશિયલ અને ભારત સરકારનાં ભૂતપૂર્વ સ્પેશિયલ સેક્રેટરી, કેબિનેટ સેક્રેટરિએટ વપ્પલા બાલચંદ્રને ભારતની આંતરિક સુરક્ષા વ્યવસ્થાની સમસ્યાઓ અને નિરાકરણો વિશે વાતચીત કરી.

સિટી રિપોર્ટર @ahm_cb



• આઈઆઈટી ગાંધીનગર ખાતે વપલ્લા બાલચંદ્રને કહ્યું કે, આપણો દેશ ખૂબ મોટો છે અને તેની આંતરિક સુરક્ષા માટે આપણે સેન્ટ્રલાઇઝ્ડ ક્રાઇમ ડેટા બેઝની ખાસ જરૂર છે.

ગાંધીનગરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા 'ભારતમાં આંતરિક સુરક્ષા વ્યવસ્થા અને મુસ્લિમ રાજ્યો જેવાં ભય' વિષય પર યોજાયેલાં ટોકમાં ભૂતપૂર્વ રો(આરએડબલ્યુ) ઓફિશિયલ અને સેક્રેટરિએટ વપ્પલા બાલચંદ્રને કહ્યું કે, આપણો દેશ ખૂબ મોટો છે અને તેની આંતરિક સુરક્ષા માટે આપણે સેન્ટ્રલાઇઝ ક્રાઇમ ડેટા બેઝની ખાસ જરૂર છે, જેનાથી વ્યક્તિનાં બેકગ્રાઉન્ડની જાણ યોગ્ય રીતે કરી શકાય. હવે સીટીએમએસ લગભગ ઓપરેશનલ બની ગયું છે અને પોલીસ હવે જૂની પદ્ધતિઓ સાથે કામ ન કરી શકે. વધુમાં તેમણે કહ્યું કે, લિગલ સમસ્યાઓ વિશે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો ડાયલોગ થવો જરૂરી છે. તેઓ પણ લિગલ પ્રશ્નો પર સવાલો કે મંતવ્યો રજૂ કરી શકે તેવી છૂટ હોવી જોઇએ. પોલીસની કામગીરી વિશે તેમણે કહ્યું કે, પોલિસનું કામ છે કે તે પબ્લિકની સુરક્ષા અંગે અને ગુનાહિત કાર્યોને રોકવામાં કાર્યરત રહે, જ્યારે પોલીસને તેનાં કામમાંથી હટાવીને અન્ય કામોમાં લગાવી દેવાય છે ત્યારે દેશની આંતરિક સુરક્ષા કેવી રીતે સચવાશે આ ઉપરાંત તેમણે કહ્યું કે, સાર્ક રિજનલ કન્વેન્શનમાં કોઇપણ દેશે આતંકવાદીઓને શરણાગતિ કે મદદ આપવી નહીં તે જણાવ્યું છે ત્યારે તેમાં પાકિસ્તાને પણ સહી કરી છે. હવે મારો મુદ્દો અહીંયા એ છે કે આપણે જો આપણી મશીનરીને નહીં સુધારીએ તો આપણો આતંકવાદીઓ ફાયદો ઉઠાવી જશે. ત્યારે આપણે આતંકવાદને રોકવા માટે પહેલાં પોતાનાં શસ્ત્રોને સુધારવા જોઇએ. દાઉદને પાછા લાવવા અંગે તેમણે કહ્યું કે, 'મને ખ્યાલ નથી કે ક્યારે પાછા લાવી શકીશું. હું માત્ર આશા રાખી શકું. પરંતુ સવાલ એ છે કે શું આપણે ચોક્કસ છીએ કે દાઉદને ભારતીય કોર્ટમાં ગુનેગાર સાબિત કરી શકીશું?'